# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-03-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, પીએમ સ્વનિધિ યોજના ફેરિયાઓ માટે જીવાદોરી સમાન બની છે.- ગઇકાલે એક લાખથી વધુ ફેરિયાઓને ધિરાણ વિતરણ કરાયું.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી દક્ષિણ ભારતની 5 દિવસની મુલાકાતે જશે.
3. દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર 2 રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવા દર સવારે 6 વાગ્યાથી લાગુ કરાયા.
4. રાષ્ટ્રીય તપાસ સંસ્થા -NIA એ પુણે ISIS હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કરવાના કેસમાં  વધુ ચાર આરોપીઓના નામ જાહેર કર્યા.
5. ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન સ્પર્ધામાં  ભારતના લક્ષ્ય સેને પુરૂષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

************************************************

## PM-SVANIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, પીએમ સ્વનિધિ યોજના ફેરિયાઓ માટે જીવાદોરી સમાન બની છે.

ગઈકાલે દિલ્હીમાં પીએમ સ્વનિધિ યોજના હેઠળ એક લાખથી વધુ ફેરિયાઓને ધિરાણ વિતરણ કરવાના કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા. આ પ્રસંગે દિલ્હીના પાંચ હજાર સહિત એક લાખથી વધુ ફેરિયાઓને ધિરાણ વિતરણ કરવામાં આવ્યું હતું.

તેમણે કહ્યું કે, કોવિડના કપરા સમયમાં લોકોને ફેરિયાઓની શક્તિ અને તેમનું મહત્વ સમજાવ્યું હતું. શ્રી મોદીએ સમાજમાં મહત્વનું યોગદાન આપનાર ફેરિયાઓ અને માર્ગ પરના દુકાનદારોને અભિનંદન આપ્યા હતા.

શ્રી મોદીએ અગાઉની સરકારોએ ફેરિયાઓના મુદ્દાઓ અને સમસ્યાઓ ઉપર ધ્યાન નહીં આપવાનો આક્ષેપ કરીને પોતાની સરકારે ફેરિયાઓના ઉત્કર્ષ માટે લીધેલા પગલાંની વિગતો આપી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ દિલ્હી મેટ્રોના ચોથા તબક્કાના બે વધારાના માર્ગોની યોજનાનો શિલાન્યાસ કર્યો.

................................

# Modi Today South India

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દક્ષિણ ભારતની 5 દિવસની મુલાકાતે જશે. કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ અને કેરળના પ્રવાસ દરમ્યાન પ્રધાનમંત્રી મોદીની યાત્રા તમિલનાડુના કન્યાકુમારીથી શરૂ થશે.**

**આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી અનેક મેગા રોડ શો પણ કરશે. આ સાથે શ્રી મોદી આજે NDAના ઉમેદવાર અનિલ એન્ટોનીના લોકસભા ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા માટે કેરળના પથનમથિટ્ટા જિલ્લાની મુલાકાત પણ લેશે અને જાહેર સભામાં પણ હાજરી આપશે.**

પ્રધાનમંત્રીની મુલાકાતને ધ્યાનમાં રાખીને જિલ્લામાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

.................................

# PM BHUTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ભૂતાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ તોબ્ગે સાથે વાત કરી હતી. શ્રી તોબ્ગે ભારતની સત્તાવાર મુલાકાતે ગઇકાલે દિલ્હી પહોંચ્યા હતા. આ વર્ષે જાન્યુઆરીમાં પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ તેમની પ્રથમ વિદેશ યાત્રા છે. શ્રી તોબ્ગે મુંબઈની પણ મુલાકાત લેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, તેમણે શ્રી તોબ્ગે સાથે બંને દેશો વચ્ચે  અનન્ય અને વિશેષ ભાગીદારીના વિવિધ પાસાઓ પર ફળદાયી ચર્ચા કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, શ્રી તોબ્ગે તેમની પ્રથમ વિદેશ મુલાકાતે ભારતની મુલાકાત લીધી તે અંગે ખુશ છે.

શ્રી મોદીએ ભૂતાનના પ્રધાનમંત્રીએ આવતા અઠવાડિયે ભૂટાનની મુલાકાત લેવા આમંત્રણ આપવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

.................................

# PETROL DIESEL

દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર 2  રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવા દર સવારે 6 વાગ્યાથી લાગુ કરાયા છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, આનાથી ગ્રાહકો વધુ ખર્ચ કરી શકશે અને 58 લાખથી વધુ ડીઝલ-સંચાલિત ભારે માલસામાન વાહનો, 6 કરોડ કાર અને 27 કરોડ ટુ- વ્હીલર્સના સંચાલન ખર્ચમાં ઘટાડો કરશે. પેટ્રોલ અને ડીઝલના  ભાવ ઘટવાથી લોકોની બચત વધશે. હવે દિલ્હીમાં પેટ્રોલની કિંમત 94 રૂપિયા 72 પૈસા પ્રતિ લિટર, મુંબઈમાં 104 રૂપિયા 21 પૈસા, કોલકાતામાં 103 રૂપિયા 94 પૈસા અને ચેન્નાઈમાં પેટ્રોલની નવી કિંમત 100 રૂપિયા 75 પૈસા થશે.

ડીઝલની સંશોધિત કિંમત દિલ્હીમાં 87 રૂપિયા 62 પૈસા, મુંબઈમાં 92 રૂપિયા 15 પૈસા,  કોલકાતામાં 90 રૂપિયા 76 પૈસા અને ચેન્નાઈમાં 92 રૂપિયા 34 પૈસા હશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ કહ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર 2 રૂપિયાનો ઘટાડો કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર બતાવ્યું છે કે કરોડો દેશવાસીઓનું કલ્યાણ અને સુવિધા હંમેશા તેમની પ્રાથમિકતા રહી છે.

..................................

# RAJASTHAN- FUEL VAT

રાજસ્થાન સરકારે પેટ્રોલ અને ડીઝલ પર વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)માં 2 ટકાનો ઘટાડો કર્યો છે.

આ નિર્ણય આજ સવારથી લાગુ થયો. તેનાથી સરકારી તિજોરી પર એક હજાર 500 કરોડ  રૂપિયાનો બોજ પડશે. આ નિર્ણય ગઇકાલે સાંજે જયપુરમાં રાજ્ય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

બેઠક બાદ પત્રકારોને આ માહિતી આપતાં મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં ડીઝલ અને પેટ્રોલના ભાવમાં વિસંગતતાઓ હતી જે દૂર કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે પેટ્રોલિયમ ઉત્પાદનો પરના વેટમાં બે ટકાનો ઘટાડો અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા લેવામાં આવેલા પગલાથી રાજ્યમાં પેટ્રોલની કિંમતમાં 1 રૂપિયો 40 પૈસાથી  5 રૂપિયા 30 પૈસાનો ઘટાડો થશે. જ્યારે ડીઝલની કિંમત પણ એક રૂપિયા 34 પૈસાથી ચાર  રૂપિયા 85 નો ઘટાડો થશે.

કેન્દ્ર સરકારની તર્જ પર રાજસ્થાન સરકારે રાજ્યના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ચાર ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે.

..................................

# MSME

ગુજરાત  કેન્દ્રિય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયની ZED – ‘ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ’ – યોજનાના સર્ટીફિકેશન પ્રાપ્ત કરવામાં દેશમાં પ્રથમ સ્થાન જ્યારે જિલ્લાઓની શ્રેણીમાં રાજકોટ પ્રથમ સ્થાન મેળવ્યું છે.

રાજયમાં આ યોજના હેઠળ અત્યાર સુધીમાં  ૩૭ હજાર ૩૦ સર્ટીફિકેટ પ્રાપ્ત કરવામાં આવ્યા છે.  જિલ્લાઓની શ્રેણીમાં પણ પ્રથમ ત્રણ સ્થાને ગુજરાતના જિલ્લાઓ છે. જેમાં રાજકોટ જિલ્લો ૮ હજાર ૫૭૮ સર્ટીફિકેટ  સાથે સમગ્ર દેશમાં પ્રથમ છે. જ્યારે અમદાવાદ જિલ્લો ૭ હજાર ૩૨૫ સર્ટી સાથે બીજા તથા સુરત જિલ્લો ૬હજાર ૬૮૦ સર્ટીફિકેટ સાથે ત્રીજા ક્રમે છે.

ઉલ્લેખનીય છે કે, દેશના ઉદ્યોગો માત્ર સ્થાનિક નહીં, પણ વૈશ્વિક બજારના ઉત્પાદનો સાથે સ્પર્ધા કરી શકે તેમજ પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો બનાવે તે માટે સુક્ષ્મ, લઘુ, મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે વર્ષ ૨૦૨૨માં 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ' – સર્ટીફિકેશન યોજના લોન્ચ કરી હતી. જે ઉદ્યોગો આ સર્ટીફિકેશન લે છે, તેમને સરકાર તરફથી અનેક પ્રકારના લાભો આપવામાં આવે છે.

આમ વૈશ્વિક કક્ષાના ઔદ્યોગિક ઉત્પાદનના માપદંડોને અપનાવવા અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોના નિર્માણમાં ગુજરાત અને રાજ્યના જિલ્લાઓ દેશમાં અગ્રેસર બન્યા છે.

.................................

# RUSSIA ELECTIONS

**રશિયામાં આજે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન યોજાશે. ત્રણ દિવસ સુધી ચાલનારા  મતદાન માટે પ્રારંભિક અને પોસ્ટલ મતદાનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દેશવાસીઓને તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.**

**શ્રી પુતિન ઉપરાંત, અન્ય ત્રણ ઉમેદવારો નિકોલાઈ ખારીતોનોવ, લિયોનીદ સ્લતસ્કી અને વ્લાદિસ્લાવ દાવાન્કોવ પણ મેદાનમાં છે. જો શ્રી પુતિન પાંચમી મુદત માટે ચૂંટાય છે, તો તેઓ 2020 માં બંધારણમાં કરેલા સુધારા મુજબ આગામી છ વર્ષ અને 2036 સુધી શાસન કરશે.**

**રશિયામાં મતદારો પાસે પ્રથમ વખત ઓનલાઈન મતદાન કરવાનો વિકલ્પ છે. આપવામાં આવેલ છે. આ વિકલ્પ 27 રશિયન પ્રદેશો અને ક્રિમીઆના**

**મતદારો માટે ઉપલબ્ધ રહેશે. રશિયાએ દસ વર્ષ પહેલા યુક્રેનના આ ભાગો પર કબજો જમાવ્યો હતો.**

.................................

# MAMATA INJURY

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને કપાળમાં ગંભીર ઈજાને પગલે જરૂરી પરીક્ષણો અને સારવાર બાદ કોલકાતાની SSKM હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. સુશ્રી મમતા બેનર્જી તેમના નિવાસસ્થાને પડી જવાથી ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં તેમનું સીટી સ્કેન અને એમઆરઆઈ કરવામાં આવ્યું હતું અને એપોલો હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરને સારવાર માટે બોલાવવામાં આવ્યા હતા.

SSKM હોસ્પિટલના વડા ડૉ. મોનિમોય બંદોપાધ્યાયે જણાવ્યું હતું કે, સુશ્રી મમતા બેનર્જીની હાલત સ્થિર છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીને હોસ્પિટલમાં દાખલ રહેવાની સલાહ આપવામાં આવી હતી પરંતુ તેમણે ઘરે જવાનું પસંદ કર્યું. તેઓ હાલમાં તબીબી નિરીક્ષણ હેઠળ છે અને આજે ફરી ડૉક્ટર તેમની તબિયત તપાસશે.

દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સુશ્રી મમતા બેનર્જીને તેમની ઈજામાંથી ઝડપથી સાજા થવાની અને સારા સ્વાસ્થ્યની કામના કરી છે.

.................................

# NIA -PUNE CASE

રાષ્ટ્રીય તપાસ સંસ્થા -NIA એ પુણે ISIS હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કરવાના કેસમાં  વધુ ચાર આરોપીઓના નામ જાહેર કર્યા છે.

NIAએ પૂરક આરોપપત્રમાં મોહમ્મદ શાહનવાઝ આલમ, રિઝવાન અલી, અબ્દુલ્લા શેખ અને તલ્હા લિયાકત ખાનના નામ સામેલ કર્યા છે.

આ કેસમાં શમિલ નાચન સામે વધારાના આરોપો દાખલ કરવામાં આવ્યા છે. NIAએ જુલાઈ 2023ના કેસમાં કુલ 11 આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે જેમાં હથિયારો, વિસ્ફોટકો, તેમાં ઉપયોગમાં લેવાતા રસાયણો અને ઈસ્લામિક સ્ટેટ સાથે સંબંધિત સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.

આ તમામ ઈસ્લામિક સ્ટેટ-આતંકવાદી સંગઠનના સભ્યો છે અને મહારાષ્ટ્રના પુણે અને તેની આસપાસ આતંક ફેલાવવા માગતા હતા. તેઓ આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા માટે સશસ્ત્ર લૂંટ અને ચોરી દ્વારા ભંડોળ એકત્ર કરતા હતા. આ આતંકવાદીઓ ગુપ્ત સંદેશાવ્યવહાર એપ દ્વારા વિદેશમાં રહેતા તેમના મુખિયાઓના સંપર્કમાં હતા. NIA અનુસાર, આ આતંકવાદીઓએ પુણેના કોંઢવામાં એડવાન્સ પ્રકારના વિસ્ફોટક બનાવવાની તાલીમ લીધી હતી અને તેને વિસ્ફોટ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો.

..................................

# Badminton competition

ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના લક્ષ્ય સેને પુરૂષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેનને 24-22, 11-21, 21-14થી હરાવ્યો હતો. લક્ષ્ય સેનનો આજે રાત્રે ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાના લી ઝી જિયા સામે મુકાબલો થશે. મહિલાઓની સિંગલ્સની પ્રિ કવાર્ટર ફાઈનલમાં ભારતની પી.વી. સિંધુનો દક્ષિણ કોરિયાની એન સે યંગ સામે પરાજય થયો છે.

પુરૂષ ડબલ્સમાં, ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડીનો પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ઇન્ડોનેશિયા સામે પરાજય થયો છે.

.................................

# Election Commissioner

નિવૃત્ત IAS અધિકારી જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કાયદા અને ન્યાય મંત્રાલયે આ અંગે એક પરિપત્ર બહાર પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે અનુપ ચંદ્ર પાંડેની નિવૃત્તિ અને અરુણ ગોયલના રાજીનામા બાદ બે ચૂંટણી કમિશનરની જગ્યાઓ ખાલી પડી હતી.

.................................

# PALESTINE-NEW PM

પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસે લાંબા સમય સુધી રહેલા તેમના આર્થિક સલાહકાર મોહમ્મદ મુસ્તફાને દેશના આગામી પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. ગાઝામાં યુદ્ધ બાદ પેલેસ્ટાઈન સત્તામાં સુધારા માટે અમેરિકાના દબાણ હેઠળ આ નિમણૂક કરવામાં આવી છે. ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે એકતા કેબિનેટની રચના કરવા માટે મોહમ્મદ શતાયેહ ફેબ્રુઆરીમાં પેલેસ્ટાઈનના પ્રધાનમંત્રીનું પદ છોડી દીધું હતું. નવા પ્રધાનમંત્રી મોહમ્મદ મુસ્તફા અમેરિકામાં ભણેલા અર્થશાસ્ત્રી છે. તેઓ પેલેસ્ટિનિયન ટેલિકોમ કંપની પાલટેલ ચલાવતા હતા. તાજેતરમાં તેઓ પેલેસ્ટાઈન

રોકાણ ભંડોળનું નેતૃત્વ કરે છે, જે પેલેસ્ટાઈનમાં લગભગ એક અબજ ડોલરના પ્રોજેક્ટ ધરાવે છે.

મોહમ્મદ મુસ્તફા હવે વેસ્ટ બેન્કમાં સરકારનું નેતૃત્વ કરશે જે પેલેસ્ટાઇનને આખરે સંપૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવે તે પહેલાં સંભવિત રીતે શાસન કરશે.

...............................